*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

TOPIC 24

## કલમ 144



ચર્ચામાં શા માટે ?

કલમ 144 વિશે :-

CrPC વિશે :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

**TOPIC-24**નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :
www.iceonline.in
t.me/icerajkotofficial
9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં નાગરિક્તા સંશોધન એક્ટના વિરોધમાં દેશભરમાં દેખાવો ચાલી રહ્યા છે જેને નિયંત્રિત કરવા માટે ઘણાં વિસ્તારોમાં CrPCની કલમ 144 લગાવવામાં આવી હતી.
- CrPCનું પૂરું નામ Criminal Procedure Code અર્થાત્ ‘ફોજદારી કાર્યરીતી અધિનિયમ’ છે.

## કલમ 144 વિશે :-

- આ કલમની રચના અંગ્રેજોના સમયમાં થયેલી છે. જેનો ઉપયોગ ભય કે ત્રાસદાયક બાબતોને અટકાવવા માટે કે તેનું તાત્કાલીક સમાધાન લાવવા માટે કરવામાં આવે છે.
- કલમ 144 અંતર્ગત આદેશ આપવાની સત્તા જિલ્લા મેજિસ્ટ્રેટને, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટને અથવા રાજ્ય સરકાર દ્વારા ખાસ રીતે નિયુક્ત કરાયેલ કાર્યકારી મેજિસ્ટ્રેટ પાસે હોય છે.
- આ ઓર્ડર કોઈ વ્યક્તિ, લોકોના કોઈ સમૂહ કે સમગ્ર જનતાની સમક્ષ હોય શકે છે. આ ઓર્ડર લેખિતમાં મેજિસ્ટ્રેટે જાહેર કરવો પડે છે.
- આ ઓર્ડર દ્વારા નીચે મુજબના કાર્યો પર પ્રતિબંધ લગાડી શકાય છે.
    - નિશ્ચિત વિસ્તારોમાં હલનચલન પર પ્રતિબંધ
    - હથિયાર રાખવા પર પ્રતિબંધ
    - ગેરકાયદેસર રીતે ભેગાં થવા પર પ્રતિબંધ
- સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે, કલમ 144 લાગું પડતાં 3 કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર પ્રતિબંધ લાગે છે. પરંતુ આ કલમ દ્વારા 1થી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર પણ પ્રતિબંધ લાગી શકે છે. જો કે આ માટે પર્યાપ્ત કારણો હોવા જરૂરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સામાન્ય રીતે માનવ જીવનને ખતરો, માનવ સ્વાસ્થ્ય કે સુરક્ષાને ખતરો, તોફાન-રમખાણો કે જાહેર શાંતિની સામેના ખતરાઓને રોકવા માટે આ કલમ લાગુ પાડવામાં આવે છે.
- કલમ 144 હેઠળ આપવામાં આવેલ ઓર્ડર મહત્તમ 2 મહિના સુધી સક્રિય રહે છે.
- જો રાજ્ય સરકારને જરૂરિયાત લાગે તો આ ઓર્ડરને મહત્તમ 6 મહિના સુધી વિસ્તૃત કરી શકે છે.
- આ કલમને વિવિધ સમયે કોર્ટમાં પડકારવામાં આવી છે. જે પૈકી 1970માં 'મધુ લિમાયે વિરુદ્ધ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ' કેસમાં સાત જજોની સુપ્રીમ કોર્ટની બેચ દ્વારા કહેવામાં આવ્યું હતું કે, 'આ કોઈ સામાન્ય વહીવટી શક્તિ નથી. આ શક્તિનો ઉપયોગ ન્યાયિક રીતે થવો જોઈએ અને તેની ન્યાયિક ચકાસણી પણ થઈ શકે છે.'
- કલમ 144નો ઉપયોગ મોબાઈલ સેવાઓ અને ઈન્ટરનેટ સેવાઓને બંધ કરવા માટે પણ કરવામાં આવ્યો છે.
- પરંતુ, વિવિધ ટેલિકોમ સેવાઓ જેવી કે, વોઈસકોલ, ઈન્ટરેનટ, SMS, લેન્ડલાઈન, બ્રોડબેન્ડ વગેરે પર પ્રતિબંધ લગાવવાના નિયમો Temporary Suspension of Telecom Services Rules, 2017માં આપવામાં આવ્યા છે. આ નિયમો પોતાની સત્તા 'ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ, 1885'માંથી મેળવે છે.
- કલમ 144ના ભંગ બદલ ત્રણ વર્ષ સુધીની જેલ થઈ શકે છે.
- બંધારણના અનુચ્છેદ 19 અંતર્ગત લોકોના અધિકારો પર આ કલમ દ્વારા પ્રતિબંધો લાગતા હોવાથી તથા તેને લાગુ કરવા માટેના કારણોનો વ્યાપ મોટો હોવાથી આ કલમ સમક્ષ ઘણાં પ્રશ્નો ઊઠયા છે તથા તેની ટીકા પણ થઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CrPC વિશે :-

- સૌપ્રથમ 1882માં આ કોડ બનાવવામાં આવ્યો હતો ત્યારબાદ 1898માં તેમાં સુધારો કરવામાં આવ્યો હતો.
- વર્તમાન સમયે જે CrPC લાગું છે તેની રચના 41માં કાયદા પંચના રિપોર્ટના આધારે વર્ષ 1973માં કરવામાં આવી હતી.
- CrPC એ સંપૂર્ણ ભારતમાં લાગુ પડે છે. અગાઉ અનુચ્છેદ 370ના કારણે આ કોડ જમ્મુ અને કાશ્મીરમાં લાગુ પડતો ન હતો પરંતુ હવે આ કોડ સંપૂર્ણ ભારતમાં લાગું પડે છે.
- આ કોડના અમુક પ્રકરણો નાગાલેન્ડ તથા અન્ય આદિવાસી વિસ્તારોમાં લાગુ પડતાં નથી. પરંતુ એક નોટિફિકેશન દ્વારા રાજ્ય સરકાર આ પ્રકરણોને પણ આ વિસ્તારોમાં લાગુ પાડી શકે છે.
- આ કાયદાની રચના Indian Penal Code, 1860 હેઠળના ગુનાઓની સુનાવણી અને શિક્ષા માટેની જોગવાઈઓ માટે કરવામાં આવી છે. આ કાયદામાં અન્ય કાયદા હેઠળના ગુનાઓની શિક્ષા માટે પણ જોગવાઈ કરવામાં આવેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT